## ૨૦૧૯-૨૦

જનરલ

**સને ૨૦૧૯-૨૦ ના વર્ષ માટેની વહીવટી મંજૂરી બાબત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમના અમલીકરણ માટેની યોજના (જનરલ)**

વિભાગ-૨ (ચાલુ બાબત)

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનઆરજી/૧૨૧૮/૯૫૩/મ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૬/૦૩/૨૦૧૯

વંચાણે લીધા :-

(૧) અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ-૧, ગાંધીનગરના તા. ૦૮/૦૩/૨૦૧૯ પત્ર ક્રમાંક: સાવ-૧/મનરેગા/૧૦અ/અ/૨૫૧૧-૧૨/૨૦૧૮-૧૯

## ઠ રા વ

સને ૨૦૧૯-૨૦ ના નાણાંકીય વર્ષના અંદાજપત્રમાં આ યોજના માટે વિભાગ-૨ ચાલુ બાબત માટે કુલ રૂ. ૪૦.૦૦ લાખ (અંકે રૂપિયા ચાલીસ લાખ પુરા) ની જોગવાઇ કરવામાં આવી છે. જેનો ખર્ચ કરવા માટે યોજનાકીય વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક-(૧) સામેના પત્રથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ હતી. આ અંગેની બાબત વિચારણા હેઠળ હતી.

૨. આ અંગે પુખ્ત વિચારણાને અંતે, અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગાંધીનગરના ઉપર વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા. ૦૮/૦૩/૨૦૧૯ ના પત્રમાં જણાવેલ આ યોજના હેઠળના ચાલુ પ્રકારના કામો હાથ ધરવા માટે થનાર ખર્ચ સારૂ નીચે જણાવેલ શરતોને આધિન સને ૨૦૧૯-૨૦ ના સમગ્ર વર્ષ માટે કુલ રૂ. ૪૦.૦૦ લાખ (અંકે રૂપિયા ચાલીસ લાખ પુરા) ના ખર્ચની નીચે દર્શાવેલ વિગતે આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

| | | મંજૂર કરેલ રકમ |
|---|---|---|
| આવર્તક | : | રૂ. ૦.૦૦ લાખ |
| અનાવર્તક | : | રૂ. ૪૦.૦૦ લાખ |
| કુલ | : | રૂ. ૪૦.૦૦ લાખ |

3. આ અંગે હાથ ધરાનાર કામો અને ખર્ચની વિગતો નીચે મુજબ છે.

યુનિટ દીઠ નીચેની વિગતે ખર્ચ કરવાનો રહેશે.

| અ. નં. | કામગીરી વિગત | રૂપિયા (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૦૨૦૦ - વેતન | ૨૬.૨૭ |
| ૨ | ૧૩૦૦ - કચેરી ખર્ચ | ૦૪.૦૩ |
| ૩ | ૫૦૦૦ – અન્ય ખર્ચ | ૦૯.૭૦ |
| | કૂલ | ૪૦.૦૦ |

૪. આ યોજનાને નીચે જણાવેલ શરતો મુજબ વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે..

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંદ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે સરકારશ્રીના આદેશો મેળવી લેવાના રહેશે.

૭. જે હેતુઓ માટે જેટલી ગ્રાન્ટ રિલીઝ કરવામાં આવે તેની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવાનો રહેશે. આ અંગે કોઈપણ જાતની નવી સેવા બને તેવા ખર્ચ કરવાના રહેશે નહિં તેમજ રાજ્ય સરકાર પર ભવિષ્યમાં આર્થિક ભારણ બને તેવો કોઈ ખર્ચ કરવાનો રહેશે નહિં.

૮. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણાવિભાગના તા. ૨૨/૦૬/૯૪ના પરિપત્ર ક્રમાંક: ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ-૧, તા. ૨૦/૦૬/૯૪ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ-૧ તથા તા. ૦૯/૦૯/૯૮ના ઠરાવ ક્રમાંક:- ખરચ-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ-૧ અનુસારની તેમજ વખતો-વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૦. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૧. આ મંજૂરી અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૩/૦૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:- SPO/102015/691093/CH ની જોગવાઈઓ અને સમયાંતરે કરવામાં આવેલ/ આવનાર સુધારાઓનું પાલન કરવાનું રહેશે.

૧૨. આઈ.ટી.સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતો-વખતની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૪. આ યોજનાના અમલના ભાગરૂપે હાથ ધરવાની પ્રવૃતિઓ પૈકી જે પ્રવૃતિ હાથ ધરવા સરકારશ્રીની નિયત ગાઈડલાઈન્સ ન હોય ત્યાં તે હાથ ધરવા સક્ષમ કક્ષાએ મંજૂરી મેળવવામાં આવે તથા તંદુરસ્ત સ્પર્ધા જળવાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૧૫. સદરહુ યોજના હેઠળ મંજૂર કરેલ રકમ તેમજ ફાળવેલ ભૌતિક લક્ષ્યાંકો અંગેની વિવિધ ડિઝાઈનવાર ફાળવણીની વિગતો તથા તેના અમલીકરણ અન્વયે થયેલ ખરેખર ખર્ચની અધિકૃત માહિતી સરકારશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

૧૬. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

૧૭. કામગીરી/હાથ ધરાનાર પ્રવૃતિઓની રૂપરેખા તૈયાર કરી વિભાગ કક્ષાએ મંજૂરી મેળવી કાર્યવાહી કરવાની રહેશે.

૧૮. સૂચિત કામો પૈકી જે કામો મનરેગા હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ મનરેગા યોજના હેઠળ ઉધારવામાં આવે તેની તકેદારી રાખવાની રહેશે. નાના તથા મોટા કામો માટે સરકારશ્રીની નિયત પ્રક્રિયા અને પદ્ધતિ અનુસરવાની રહેશે.

૧૯. નવા વૃક્ષોના વાવેતર અને જૂના વાવેતરની જાળવણીની તેમજ નર્સરીના આગોતરા કામો માટે કામગીરી માટે ઉપયોગમાં લેવાના થતા માનવબળના સંબંધમાં આઉટસોર્સિંગની માન્ય પ્રક્રિયા અનુસરવાની શરતે, ક્રેઈન/વાહન ભાડે કરવા બાબત

તથા ટ્રાન્સપોર્ટેશન ઈક્વીપમેન્ટ બાબતમાં સક્ષમ કક્ષાએ નિર્ણય લઈ નિયમાનુસાર પ્રક્રિયા અનુસરી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૨૦. આ યોજના અન્વયે ખાતાના વડા કક્ષાએ નિયમિત સમયાંતરે ઓછામાં ઓછુ ત્રિમાસિક મોનીટરીંગની વ્યવસ્થા ગોઠવી તેનો પ્રગતિ અહેવાલ વહીવટી વિભાગને રજૂ કરવાનો રહેશે.

૨૧. આ મંજૂરી અન્વયે જો કોઈપણ વસ્તુની ખરીદી/ખર્ચ કરવાનો હોય તો, તે રાજ્ય સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણોને આધિન/નિયમાનુસાર અને નિયત પદ્ધતિથી કરવાની રહેશે.

૨૨. આ યોજના અંગે અગાઉની શરતો યથાવત રહેશે.

૨૩. આ યોજના અંગે અંગેનો ખર્ચ તા. ૦૧/૦૪/૨૦૧૯ પછીથી જ કરી શકાશે.

૨૪. આ યોજનાના અમલના ભાગરૂપે કોઈ પ્રવૃત્તિ હાથ ધરવા "આદર્શ આચારસંહિતા"ના પરિપેક્ષ્યમાં કોઈ મંજૂરી મેળવવાની થતી હોય તો તે મેળવવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ નીચે જણાવેલ સદર હેઠળ ગ્રાન્ટની મર્યાદાને આધિન ઉધારીને સને ૨૦૧૯-૨૦ ના વર્ષની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૨૬ |
| સેકટર | : | (ગ) આર્થિક સેવાઓના મુડી હિસાબ |
| સબ સેકટર | : | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મુડી હિસાબ |
| મુખ્ય સદર | : | ૪૪૦૬- વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન અંગે મુડી ખર્ચ અંગેની જોગવાઈ |
| પેટા મુખ્ય સદર | : | ૦૧- વન નિર્માણ |
| ગૌણ સદર | : | ૧૦૧- વન સંરક્ષણ અને વિકાસ |
| પેટા સદર | : | (૨૭) મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમના અમલીકરણ માટેની યોજના |

૬. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા સલાહકારશ્રીની અને અધિક મુખ્ય સચિવશ્રીની અનુક્રમે તા. ૧૮/૦૩/૨૦૧૯ ની નોંધ તથા તા. ૨૦/૦૩/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એન. પટેલ)
ઉપ સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (સામાજીક વનીકરણ-૧) ગુજરાત રાજય, ગાંધીનગર.
- અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, (નાણાકીય વ્યવસ્થાપન), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- વન અને પર્યાવરણ વિભાગ- બજેટ શાખા
- નાણાં સલાહકારશ્રી, (વન), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારીની સીલેકટ ફાઇલ.
- સીલેકટ ફાઇલ
- સીસ્ટમ મેનેજર, વન અને પર્યાવરણ વિભાગ - **IWDMS** પર મૂકવા માટે.